તુરકી સીરીઝ ન. ૫

ફીલ્ડ મારશલ
ફવઝી પાશા.

લખી પ્રગટ કરનાર,
નિઝામુદ્દીન એ. કુરેશી.
પા[illegible]-અમદાવાદ.

આવૃતી ૧ લી — પ્રત ૧૦૦૦

-સને ૧૯૨૪.- હિજરી ૧૩૪૨.

-કિમત,- -આફ્રિકા ખાતે,-
—બે આના.— —૩ પેસ.—

આ ચોપડી “ અમદાવાદ “ સનડર પ્રીન્ટીગ પ્રેસમા
મોતીલાલ ગણપતરામે છાપી પાનકોર નાકા-અમદાવાદ.

બે બોલ.

—o—

તુરકીના સપુત કમાલીસ્ટોએ અનાતોલીયામાંથી ગ્રીક વરૂઓને હાંકી કાઢી જે અનુપમ જીત મેળવી છે તેનો દાખલો ભાગ્યેજ દુનિયાની તવારીખના સફાઓ આપશે ખરા સાધનો મારફતે આવનારી ખબરોના અભાવે આપણે એ શુરવિરોના કારનામાઓથી અજાણ છીએ અને તેમાંએ ગુજરાતી ભાષામાં તો તુરકી સંબધે કાંઈપણ જાણવાનુ છે જ નહી

મે કમાલીસ્ટોની પુરી તવારીખ લખવાનો આરંભ કર્યો હતો અને તે હુ લખવા પામ્યો હોત, પણ કેટલાંક અણધાર્યા સંજોગો આવી જતાં એ વિચાર મુલત્વી રાખવો પડયો અને કયાં સુધી મુલત્વી રહેશે તે કહી શકાય નહી

કમાલીવીરોના એક આગેવાન ફિલ્ડ મારશલ મુસ્તુફા કૅમાલ પાશાના વર્ણનમાં અનાતોલીયાની જંગનો સ્હેજ ભાષ થાય છે પ્રથમ "અલ – કમાલ' માસિક અને "ખિલાફત' અઠવાડિકમાં એક લેખ તરીકે આ વર્ણન પ્રકટ થઈ ચુક્યુ છે મિત્રોની ભલામણથી પુસ્તક રૂપી પ્રકટ થાય છે જે માટે ખુદાનો આભાર માનુ છુ જનરલ નુરૂદ્દીનપાશાના વર્ણનમાં એ કરતાં વધુ જાણવાનુ મળશે

નિઝામુદ્દીન કુરેશી.

કમાલી વીર



ફિલ્ડ મારશલ મુસ્તુફા ફેવઝી પાશા

તુરકીને નવુ જીવન આપનાર ચળવળમા જે તુરકી યોદ્ધાઓએ પોતાની અનુપમ અને અજોડ બાહોશી

જાહેર કરી છે તેમા મોટો ભાગ એવી વ્યકતીઓનો છે કે જેઓએ તુરકી રાજદ્વારી દુનિયામા આજ સુધી ભાગ્યેજ દેખાવ દીધો હશે તુરકી શહેનશાહત જે સમયે વીરોધીઓના કાવાદાવા અને કાવત્રાઓથી જખમી થઈ રહી હતી તેના સમયે આ વીરલાઓની હસ્તી અમુલ્ય સાબીત થયા વગર રહેત નહી પણ તે વખત તુર્કી સલતનતની સત્તા એક વ્યકતીના હાથમા હતી અને તે સત્તા કોઈ પણ સ્વતત્ર વીચાર ધરાવનાર હસ્તીને જાહેરમા આવતા દાબી દેતી હતી. તેથી સ્વતત્રતાના ઉપાસક વીરો લાચારીએ ગુમનામીમા જીવન ગાળી રહ્યા હતા, પરતુ જ્યારે સ્વતત્રતાનો સમય આવ્યો અને દેશ તથા કોમને આવા વીરોની જરૂરત પડી તો તેઓ ગુમનામીમાથી બહાર નિકળ્યા અને પોતાની અનુપમ અને અદિઠ બાહોશીથી દુનિયાને દિગમુઢ બનાવી દીધી

અ ગોરાના કમાલી વીરો તેજ સ્વતત્રતાના ઉપાસકો છે જેમણે ટુક સમયમાજ પોતાની બાહોશીની દુનિયાના જીગરોમા ઉંડી છાપ પાડી છે, અને જે બીમારને બધી દુનિયા સ્વધામ પહોચેલુ સમજતી હતી તેમા નવજીવન રેડીને તદુરસ્ત તથા સબળ બનાવી દીધુ કમાલી વીરો અથવા સ્વતત્રતાના ઉપાસક દેશભકતો માત્ર લડાયક કલામાજ પ્રવીણ હોય એમ નથી પણ પ્રસગ આવતા દરેકે દરેક લશકરી

વડો રાજદ્વારી ક્ષેત્રમા પણ અગ્રપદ ધરાવે છે એવી ખાત્રી આપી દીધી છે તુરકી વીરોમા આવી બાહોશી આવવાનુ કારણ બીજુ કાઇજ નહી પણ કોન્સટેન્ટી નોપલની "મકતબે હરબીયા' નામની લશ્કરી શિક્ષણ આપતી યુનીવરસીટીનો પ્રતાપ અને અલ્લાહનો ફઝલ છે યુરોપમા લશ્કરી શિક્ષણ આપતી યુનીવરસીટીઓમા જર્મની આગળ વધેલ છે અને પોટ્સડમ કોલેજના લશકરી વીદ્યાર્થીઓ લડાયક કલામા એકકા સમજવામા આવે છે પણ "મકતબે હરબીયા" ના શિક્ષણ પામેલા વીદ્યાર્થીઓની જોડ દુનિયાની તવારીખ આજે રજુ કરવાને અશક્ત છે જો આપણે જર્મનીના જગ મશહુર લશકરી અનુભવીઓ જનરલ વોન હીન્ડનબર્ગ, વોન મેકીનસન, વોન ટરપીઝ અને વોન લીચોડન્ડોર્ફના કારનામાઓને લશકરી કલાના અજોડ અને અદીઠ બનાવો માની લઇએ તો તુરકીના 'મકતબે હરબીયા ના શિક્ષણ પામેલા ફીલ્ડ મારશલ ફવઝી પાશા, ગાઝી મુસ્તુફા કમાલ પાશા, મારશલ અસમત પાશા, મારશલ કાઝિમ કરાબકર પાશા, જનરલ નુરૂદ્દીન પાશાની અને અલી એહસાન પાશાના અદભુત અને દગ કરનારા કારનામાઓ વીષ શુ કહીશુ? તેમના ચમત્કારીક સાહસોને જોતા ઉપલા જરમન અમલદારોના કારનામા ઓની કીમતમા કમી થઈ જાય છે કેમ કે તુરકી પ્રજાની લશકરી યુનીવરસીટી "મકતબે હરબીયા' એ દુનિયા સમક્ષ એવા જનરલો રજુ કર્યા છે કે તેમની લડાયક

કલા જોઇને આજે યુરોપ તથા બીજા દેશો અજાયબીમા લીન થઇ ગયા છે

ઈ સ ૧૮૩૪ મા "મકતબે હરબીયા" એટલે લશકરી શાળાની મરહુમ સુલતાન મેહમુદના હાથે સ્થાપના કરવામા આવી જેને મરહુમ સુલતાન અબદુલ હમીદખાને યુનીવરસીટીના દરજ્જે પહોચાડી આમા લશકરી શિક્ષણ ઉપરાંત હરેકે હરેક જાતનુ શિક્ષણ આપવામા આવે છે જેથી અહીના વીધાર્થીઓ માત્ર લશ્કરી કલામાજ નહી પણ દરેક બાબતમા પ્રવીણ નીકળે છે સને ૧૮૯૦ મા આ યુનીવરસીટીના તાબામા ૮૭ લશકરી શાળાઓ હતી જેમા ૯૨૩૪ વિધાર્થીઓ લશકરી શિક્ષણ લેતા હતા કમાલી વીરોએ લડાયક કલા અને રાજદ્વારી બાબતોમા બતાવેલી પ્રવીણતા જોઇ હુ એમજ સમજતો હતો કે તેમનુ શિક્ષણ જર્મનીમા થયુ હશે પણ એક તુરકી મીત્રે મારી ભુલ ભાગતા જણાવ્યુ હતુ કે બધા કમાલી વીરો કોન્સટેન્ટીનોપલની પ્રખ્યાત લશકરી યુની વરસીટીના વિદ્યાર્થીઓ છે, અલબત તુરકી અમી રોના કેટલાક બાળકોએ જર્મનીમા કેળવણી લીધી છે પણ તેમની સ ખ્યા ઘણીજ જુજ છે

ફિલ્ડ મારશલ મુસ્તુફા કમાલપાશા પણ એજ કોન્સટેન્ટીનોપલ યુનીવરસીટીના એક જુના વીદયારથી છે જેઓએ પોતાના ચમત્કારીક કારનામાઓથી

દુનીઆને દંગ કરી નાખી છે, યુરોપની મહાન જંગમા જાહેર થએલી અજાયબીઓ વડે જો જરમન કયસર પોતાના મહાન જનરલો વોન હીન્ડનબર્ગ, વોન મેકીનસન, વોન ટરપીઝ અને વોન લીયો ડોનડોર્ફ ઉપર ગર્વ કરી શકે છે તો આજે તુરકી પ્રજા પણ મારશલ ફવઝીપાશા માર્શલ અસમતપાશા, મારશલ કુચક કાઝિમપાશા, મારશલ નુરૂદદીનપાશા અને મારશલ કાઝિમ કરાબકરપાશા જેવા જનરલોને જરમન જનરલોના મુકાબલામા રજુ કરીને કાઇ ઓછુ અભિમાન લઈ શકતી નથી ? આજે અંગોરાના અનુપમ અને અજોડ લશકરી સ્ટાફના આત્મા રૂપે ફિલ્ડ મારશલ ફવઝીપાશા હસ્તી ધરાવે છે અને ખરેખર તેઓ નવીન લશકરી ચળવળના મહાન નેતા છે આપ તે મહાન દેશભકતોમાના એક છે જેઓએ અનાતોલીયાના વન વગડા અને રેતાળ રણોમા ગાઝી મુસ્તુફા કમાલપાશાની વીર હાકનો સઉથી પહેલા જવાબ આ યો હતો. માજી તુરકી સરકારના લશકરી ખાતામા તેઓ ઉંચો ઓધ્ધો ધરાવતા હતા અને તેને અંગે આપે અનેક લડાઇઓમા ભાગ લીધો હતો અરઝેરૂમ, કાકેસસ, એડ્રિયાનોપલ, બાલકન, ગેલીપોલી અને ખાસ કરી ડારડેનલ્સની રંગભુમીમા આપે લશકરી કુનેહ અને બાહોશીમા આગળ પડતો ભાગ ભજવ્યો હતો સને ૧૯૧૭મા પેલેસ્ટાઇનમા તુરકી કમાન્ડર ઇન-ચીફ હતા, પણ માદગીના કારણે કોન્સટેન્ટીપોલ

પધાર્યા અને આપની જગ્યાએ ગાઝી મુસ્તુફા કમાલ પાશા નીમાયા માંદગીમાંથી સાજા થઈ તે નામદાર પેલેસ્ટાઈન જવાની તૈયારીમાંજ હતા કે તુરકી અને મીત્રરાજ્યો વચ્ચે લડાઈ મુલતવી રાખવાનુ કરારનામુ થયુ અને કોન્સટેન્ટીનોપલ પર મીત્રરાજ્યોનો કબજો થયો આમ થતા આપના દુ ખનો પાર રહયો નહી એટલામા અનાતોલીયા ખાતે દેશ ભકત તુરકોએ નવીન તુરકી ચળવળને જન્મ આપ્યો તો આપ કોન્સટેન્ટીનોપલથી વેષ બદલીને ત્યા પહોચી ગયા આપ અસલથીજ તુરકી સલતનતના લશકરી ખાતામા માની નામના ધરાવતા હતા અને તુરકી પ્રજાને આપની લશકરી સેવાઓની જાણ હોવાથી અને ૧૯૨૦ના ફેબરૂઆરી માસમા અ ગોરા રાજયના પહેલા પ્રધાન મ ડળમા આપને લડાઈ ખાતાના પ્રધાનનો માનવતો ઓધ્ધો આપવામા આવ્યો તે સમયે અ ગોરામા એક નહી પણ અનેક વ્યકતીઓ એ પદને લાયક હતી છતા તુરકી પ્રજાએ તે બધામાથી આપને ચુટી લીધા એ આપની મોટામા મોટી લાયકાતની સાબેતી ગણાવી જોઈએ ખરેખર આપ એક કુશળ કમાનડર અને અઘરા કામને આસાન બનાવનાર યોદ્ધા છે લડાઈ ખાતાના પ્રધાનનો ઓધ્ધો મળતાજ કવઝી પાશાએ દેશ ભકત તુરકોના લશકરનુ બ ધારણ નવેસરથી રચ્યુ અને સુધારા વધારા કરવા તરફ પોતાનુ બધુ ધ્યાન રોકી દીધુ તેમણે તુરકી લશકરની નવેસરથી

રચના કરવા સારૂ એટલી બધી મહેનત લીધી છે કે ભાગ્યેજ બીજા કોઇ જનરલે આજ સુધી લીધી હશે લશકરીઓની ભરતી માટે તેઓ પોતાની જાતે ગામે ગામ ફરીને ભાષણ આપતા અને લશકરમા જોડાવાન પ્રજાને આગ્રહ કરતા હતા આવી રીતે તેઓએ ઠેર ઠેર લશકરી ટુકડીઓ ઉભી કરી ને એક મહાન અજીત લશકર તઇયાર કરી લીધુ આરમીનીયાની ફતેહનુ માન જોકે મારશલ કાઝિમ કરા બકર પાશાને છે પણ તેની લશકરી રચનાનુ માન મારશલ ફવઝીપાશાને ફાળે આવે છે, વળી તેઓએ અનાતોલીયાની પશ્ચિમ તરફની સરહદને કાઝિમ કરા બકર પાશા જેવા મહાન જનરલની મારફતે મજબુત બનાવી આરમીનીયા ઉપર સખ્ત ફટકો લગાવવાની પણ સલાહ આપી હતી સને ૧૯૨૦નુ લગભગ આખુ વરસ તેઓએ લશકરી તઇયારીઓમા પસાર કર્યું અને સને ૧૯૨૧મા મોટા પાયા ઉપર લડાઇનો આરંભ કર્યો પરંતુ ફવઝી પાશાની તઇયારીઓની ગ્રીકોને ખબર પડતા તેઓએ તેમને તેટલેથીજ અટકાવવાની કોશીશો શરૂ કરી દીધી અને આગસ્ટ ૧૯૨૨ મા તુરકી દેશ ભકતોના મુખ્ય મથક અંગોરા ઉપર કબજો કરવા સારૂ અગણિત લશકર સાથે હુમલો કરી દીધો જેથી સકારીયા આગળ અસંખ્ય માણસો માર્યા ગયા, ગ્રીકોએ શરૂ કરેલા હુમલાની જે લોકો અસલીયત જાણે છે તેઓ સારી

પેઠે સમજે છે કે મીત્ર રાજ્યો તેમની પુઠે ઉભા હતા અને તેઓ પોતાના લાડકવાયા ગ્રીસના હાથે તુરકીઓના બળનો નાશ કરાવા ચાહતા હતા, અને તેથી તેમનો આ છેલ્લામા છેલ્લો અખતરો હતો. તુરકોની મોત અને જીવનનો બધો આધાર આ હુમલા ઉપરજ લટકેલો હતો, તેથી જ્યારે આ હુમલાના સમાચાર ફરી વળ્યા તો અનતોલીયા અને અગોરામા ભારે બેચેની વ્યાપી ગઇ, નામદાર ગાઝી મુસ્તુફા કમાલ પાશાએ અગમચેતી વાપરી સીલીશયા અને પશ્ચિમ અનાતોલીયા સરહદોના લશકરોને કુમક અર્થે બોલાવી લીધા હતા તથા મોટા પાયા ઉપર બચાવની તઇયારી કરવા માડી હતી જયારે દેશભકત તુરકોએ બચાવની બધી વ્યવસ્થા કરી લીધી ત્યારે અગોરાના લશકરી સ્ટાફની એક છુપી બેઠક ભરવામા આવી જેમા ગ્રીકોના નાશકારક હુમલાના બચાવ ઉપર ચર્ચા કરતા જનરલ યાકુબ શોકી પાશાએ અગોરા ખાતેથી પાયતખ્ત બદલીને કયસરીયા ખાતે લઈ જવાનો ઠરાવ મુકયો જેને લગભગ બધા હાજર રહેલા લશકરી આગેવાનોએ ટેકો આપ્યો, પરતુ માત્ર મારશલ ફવઝીપાશાએ મજકુર ઠરાવથી જુદા પડતા "જયા સુધી હુ લશકરી મથકોની મુલાકાત ન લઉ ત્યા સુધી ઉપલો ઠરાવ મુલતવી રાખવાનો ' સુધારો રજુ કર્યો જેને જનરલ નુરૂદીન પાશા અને મારશલ અસમતપાશાએ ટેકો આપ્યાથી ઠરાવ મુલતવી રહયો એટલે ગાઝી મુસ્તુફા

કમાલપાશા અને ફવઝીપાશા મયદાને જગ તરફ ઉપડી ગયા અને ત્યા પહોચીને પુરેપુરી તપાસ કર્યા બાદ જાહેર કર્યું કે –" શ્રીકો અગોરાને કયામત સુધી પણ ફતેહ કરી શકતા ન હોવાથી પાયતખ્ત બદલવાની કાઇ જરૂર નથી " આ જાહેરનામાથી દેશમા શાતી પથરાઈ અને લશકરી સ્ટાફે આ વાત મજૂર કરી લીધી તે બાદ ફવઝીપાશાએ સકારીયાની નહેરના મુખ આગળ એક મહાન જગી લાઇન તઈયાર કરી અને તેમા માઇલો સુધી ખાઇઓ તથા બચાવના મજબુત બાધ કામો ઉભા કર્યા આ લાઈન એટલી બધી મજબુત હતી કે તે એક મહાન કિલ્લાની ગરજ સારી રહી હતી

અમેરીકન પત્રોનો ખબરપત્રી મી૦ વોર્ડ મારશલ અસમતપાશાની સાથે લડાઇના મયદાનમા હતો તેણે મારશલ ફવઝીપાશાની આ લાઈનના સબધમા "ચીકાગો ત્રિબ્યુન " પત્રમા લખ્યુ હતુ, કે --

" સકારીયાના હલ્લાના દશ દીવસ પછી મે આ લાઇનને જોઇ તે ઉપરથી હુ કહી શકુ છુ કે લડાઇખાતાના પ્રધાન ફિલ્ડ મારશલ ફવઝીપાશાની આ લાઈન સને ૧૯૧૭ મા જરમનીના જગ મશહુર લડાઈ ખાતાના પ્રધાન વોન હીન્ડનબર્ગે વરડુન (ફ્રાસ) મુકામે તઇયાર કરેલી લાઈન કરતા ચઢી જાય છે કે જે આજ સુધી " હીનડન બર્ગ લાઈન " ના નામે પ્રખ્યાત છે અને જેને કબજામા લાવવા સારૂ ફ્રાસના લાખો માણસો અશકત જેવા હતા "

હુકમા એટલુજ કે ગ્રીકોનો ભયંકર હુમલો શરૂ થઇ ગયો ગાઝી મુસ્તુફા કમાલપાશા " ફ્વઝી લાઈન "ની અગત્ય પીછાણી ચુકયા હતા તેથી તે નામદારે ગ્રીક લશકરને ગમે તેમ કરીને પણ ફ્વઝી લાઇન સુધી ઘસડી લાવવાની બાજી રચી અને દરેક સ્થળેથી પોતાના લશકરને પાછળ હઠવાનો હુકમ આપી દીધો તુરકી લશકર પોતાના વડાના હુકમને આધીન થઈ પાછળ ખસ્યુ તો ગ્રીકો ધસારો કરતા આગળ વધ્યા અને ફ્વઝી લાઇન ઉપર ગ્રીકોનો હુમલો શરૂ થયો, તુરકી લશકરે ભારે દીલેરી અને અડગતાથી મુકાબલો કર્યો ચાર દીવસ અને ચાર રાત સુધી લડાઇનો ભારે રંગ જામ્યો, આ ઈતીહાસિક હુમલાની ભયંકરતા અજોડ હતી ગ્રીક લશકરના વડાઓએ અંગોરાની છેવટની લાઇન તોડવા માટે અનુપમ બહાદુરીથી ઉપરા સાપરી હુમલા કર્યા એકાદ મોરચા ઉપર કદાચ ગ્રીકો કબજો કરી લેતા તો ના૦ ગાઝી મુસ્તુફા કમાલપાશા અને ફ્વઝીપાશાની કુનેહ તથા બાહોશીથી તત્કાળ બીજો મજબુત મોરચો તઇયાર થઈ જતો છેવટે પરિણામમા ફ્વઝી લાઇન ગ્રીક લાશોથી ભરપુર થઇ ગઇ અને તવારીખમા સદા સોનેરી અક્ષરોએ જળવાઈ રહેલી અનુપમ જીત તુરકોને ફાળે આવી

સને ૧૯૨૧ ના સપટેમ્બર માસ પછીથી અંગોરાનુ લશકરી ખાતુ પાછલા વરસ કરતા વધુ ઉત્સાહી જણાવવા લાગ્યુ, હવે દેશભક્ત તુરકો આખા અના

તોલીયામાથી ગ્રીકોને કાઢી મુકવાના વીચારો કરવા લાગ્યા નવેમ્બર ૧૯૨૧ મા અંગોરા પ્રધાન મંડળની નવી ચુંટણી થઇ અને બધા પ્રધાનો બદલાયા પણ ફવઝી પાશા ફરીવાર લડાઇ ખાતાના પ્રધાન તરીકે ચુંટાયા આ વચ્ચે દેશભકત તુર્કોએ છેવટનો હુમલો કરવા માટે લશકર એકઠુ કર્યુ, ઇસ્લામી દુનિયાએ તે દીવસો ભારે ચિંતામા પસાર કર્યા કેમકે જો આ હુમલામા તુર્કોને હાર મળે તો ફરી મુસલમાનો પાસે લડાયક બળ રહેવા પામતુ નહોતુ તા૦ ૧૫ મી ઓગસ્ટના દીવસે ગાઝી મુસ્તુફા કમાલપાશાના લશકરી મયદાનની ફવઝીપાશાએ લડાઇ ખાતાના પ્રધાનની રૂયે મુલાકાત લીધી જે કોન્સટેન્ટીનોપલથી પ્રગટ થતા અરબી પત્ર 'અલ-અદલ'ના કહેવા પ્રમાણે ચારસો માઇલ સમ ચોરસમા ફેલાયલો હતો અને જેમા દરવખતે અઢી લાખ તુર્કી જુવાનો કમર બાંધીને તઇયાર રહેતા હતા ફવઝીપાશાએ મુલાકાત લીધા પછી જાહેર કરી દીધુ કે, 'અમારૂ લશકર ગ્રીકો પાસેથી સ્મીર્ના જીતી લેશે "

તા૦ ૨૫ મી આગસ્ટ ૧૯૨૨ થી આ હુમલો અકશાહેરથી શરૂ થયો ભુગોળની દ્રષ્ટીએ માર્શલ ફવઝીપાશાએ પોતાનું મુખ્ય મથક કોજુત્યા નામની પહાડી ઉપર રાખ્યુ દેશ ભકત તુરકોના ચારસો માઇલની લંબાઇમા પડેલા અઢી લાખ માણસોના લશકરોના કમાન કરનારૂ મુખ્ય ધામ ઉપલી પહાડી ઉપર હતુ, કુચક કાઝિમપાશા, ફવઝીપાશા, ગાઝી મુસ્તુફા

કમાલપાશા અને અસમતપાશા જેવા અનુભવી અને બાહોશ અમલદારો કેમ્પમા મોજુદ હતા, હુમલાની શરૂઆત થાય તે પહેલા નામદાર ગાઝી મુસ્તુફા કમાલપાશાની સાથે ફવઝીપાશાએ બધા લશકરોની મુલાકાત લીધી હતી તેથી તેમને પોતાના લશકરની ફતેહ ઉપર પુરતો ભરૂસો હતો અને જરમન નીયમો ઉપર તેને ગોઠવવામા આવ્યુ હતુ તેથી બધા લશકરી સ્ટાફને પણ સતોષ હતો, ફવઝીપાશાએ બધી ગોઠવણ પોતાના હાથે કરેલી હોવાથી તેમને ફતેહની પુરેપુરી ખાત્રી હતી છતા જ્યારે હુમલો શરૂ થયો અને તુર્કીના બાહોશ કમાન્ડરોએ કમાન કરવા માડી તો મારૂશલ ફવઝીપાશાએ સૌથી મજબુત અને ઉચામા ઉચુ બળ જાહેર કર્યુ એ બાબે અગોરાથી પ્રગટ થતા "યનીગોન" નાતના વર્તમાન પત્રના તા૦ ૧ લી સપ્ટેમ્બર ૧૯૨૨ના અકમાથી 'કુરાનની ફતેહ"ના મથાળા હેઠળ પ્રગટ થએલા એક લેખનો ઉતારો કરતાં કોન્સ્ટેન્ટીનોપલથી પ્રગટ થતુ અરબી પત્ર "અલ-અદલ" લખે છે કે –

'જ્યારે હુમલો શરૂ થયો તો ગાઝી કમાલપાશા અને અસમતપાશા ફવઝીપાશાની પાસે મોજુદ હતા. બને બહાદુરોએ પોતપોતાની દુરબીનો વડે લશકરની હીલચાલ તપાસવા માડી પણ ફવઝીપાશાએ જો કે લશકર નવેસરથી રચેલુ હતું અને તેની સ્થીતી ઘણીજ મજબુત હતી, છતા તે ઉપર ભરૂસો નહી કરતા પોતાના ખીસામાથી એક ન્હાની સરખી '**હીમાયલ શરીફ**' કાઢી અને એક બાજુ બેસી જઈ ભારે

નમ્રતા અને આજેઝીથી તિલાવત શરૂ કરી દીધી. જ્યારે ગાઝી કમાલ પાશાએ તેમને કુરઆને શરીફની તિલાવત કરતા જોયા તો દુરબીન બાજુએ મુકી તેમની પાસે આવીને બેસી ગયા અને ભારે અકીદતમદીથી કુરઆને પાક સાભળવામા લીન થઇ ગયા " "અલ અદલ" લખે છે કે, 'ફવઝી પાશા લગભગ અઢી કલાક સુધી કુરઆને શરીફની તિલાવત કરતા રહ્યા, અને તેટલો વખત લશકરી હીલચાલ ઉપર અસમતપાશાએ નજર રાખી એટલામા ગ્રીકોની ચાર નબરની લશકરી ટુકડીને તુર્કોએ કતલ કરી તેનો વાવટો કબજે કરી લીધો, ત્યારે તેઓએ ખુદાનો શુકાનો અદા કર્યો અને દુઆ માગી તિલાવત બદ કરી. તે બાદ **'હિમાયલ શરીફ'** ને ખીસામા મુકવા લાગ્યા તો નામદાર ગાઝી મુસ્તુફા કમાલપાશાએ અને અસમતપાશાએ તેમની પાસેથી લઇને **'હિમાયલ શરીફ'** ને આખો સરસી ચાપી ચુબનો કર્યા તે પછી ફવઝીપાશાએ કમાન પોતાના હાથમા લીધી અને એકજ અઠવાડીયામા ખુદાની મદદથી સ્મિર્નાની ભુમીએ ફવઝીપાશાના ફતેહમદ લશકરીઓના પગોને ચુબન કર્યા ખરેખર અલ્લાહવાલા અને કુરઆનવાલાને આવાજ અનુપમ બદલા મળે છે"

સ્મિર્નાની ફતેહ પછી આગસ્ટ ૧૯૨૩ મા અગોરા રાજ્યનુ પ્રધાન મડળ ચોથીવાર બદલાયું જેમા પ્રજા મતના લીધે મોટા મોટા અનુભવી પ્રધાનો બદલાઈ ગયા પરતુ મારશલ ફવઝીપાશાની લોકપ્રિયતાના કારણે તેઓ ચોથીવાર પણ લડાઈ ખાતાના પ્રધાન ચુટાયા અને અત્યાર સુધી તેઓ એજ ઓહ્દો ભોગવે છે.

સમાપ્ત.

જાણીતા લેખક,



જનાબ નિઝામુદ્દીન કુરેશી.

તુરકી સીરીઝ.

હાલમા તુરક સીરીઝના નામથી એક સિલસિલો શરૂ કર્યો છે જેમા નીચલી બુકો બહાર પડી ચુકી છે

❋ ❋ ❋

કમાલની શમશીર-(કીમતી ચાર ચિત્ર) ઉરદુ ઝબાન અને ગુજરાતી હરફોમા — કીમત દેઢ રૂપીઓ

દુશમને કમાલ--(સચિત્ર વાર્તા) હીંદી જાસુસની હરમખોરી અને તુરકી બાળની દેશભક્તિ — કીમત દસ આના

ગાઝી અનવર શહીદ-શહીદે મુલ્ક મિલ્લત ગાઝી અનવર પાશા મરહુમની જીંદગીના કારનામા તેમના સુંદર ફોટો સહિત, — કીમત ચાર આના

ફાતહે સ્મર્ના-જનરલ નુરદીન પાશાનુ ચરિત્ર અને જીંદગીના કારનામાઓ ફોટો સહિત — કીમત ચાર આના

ફવઝી પાશા-ફિલ્ડ માર્શલ જનરલ ફવઝી પાશાનુ ચરિત્ર અને એનાટો લીઆના ગ્રીસ આપેલી હારનુ વર્ણન ફોટો સાથે — કીમત [illegible]

હિંદી જાસુસ-હીંદી જાસુસની હરામી તુરકી બાળાની દેશભક્તિ, ઝબાન અને ગુજરાતી હરફોમા — કીમત [illegible]

તુરકી હવાબાજ-તુરકી શાહઝાદાનુ [illegible] નાખી [illegible] અદભુત વાર્તા ઉરદુ ઝબાન અને ગુજરાતી હરફોમા પાકી બાંધણીના ચૌદ

રાફત પાશા-જનરલ રાફતપાશાના કારનામાઓ ફોટો સાથે કીમત [illegible]

ઉપરાંત -

નાઝમ કરાબ-કર પાશા, અલીફુવાદ પાશા, મરહુમ જમાલ પાશા, તુરકી આગેવાનોના ચરિત્રો બહાર પડનાર છે, જેમા તરકીની રાજદ્વારી તથા અનાતોલીઆની લડાઈઓ ઉપરથી પરદો ઉંચકવામા આવશે લખો

અમીર હસન નિઝામી. પાચપટી,-અમદાવાદ.